પૂર્વછાયો- **વળી** શહેર વડોદરે, કરી જનની જીવને સાર ।
સંભળાવું સંક્ષેપશું, સહુ સુણજયો નરનાર ॥૧॥
સામર્થી પોત્યે શ્રીહરિ, આજ વાવરે છે અપરિમિત ।
તે કહી ન જાય કોઈથી, છે એવી અલૌકિક રીત ॥૨॥
આગે પરચા પૂરીયા, જન હેતે લઈ અવતાર ।
પણ એ થકી રીત્ય આજની, છે જો અપરમપાર ॥૩॥
કહીકહી કહીએ ક્યાં લગી, એક જીભે જશ અપાર ।
પણ જે આવે મારી જાણ્યમાં, કરૂં કાંઈક તેનો ઉચ્ચાર ॥૪॥

ચોપાઇ- એક દ્વિજભક્ત છે દક્ષિણી, કહું વાત હવે તેહ તણી ।
નારુપંતનાના તેનું નામ, કરે રાજ સમાજનું કામ ॥૫॥
એમ કરતાં થયો સતસંગ, ચડ્યો ચિત્તે તેનો અતિ રંગ ।
વળી એમ સમજ્યો સુજાણ, મળ્યા પ્રભુ પ્રકટ પ્રમાણ ॥૬॥
રહી નહિ ઉધારાની વાત, તેણે કરી રહે રળીયાત ।
સાચો સમજાણો સતસંગ, ભજે શ્રીહરિ કરી ઉમંગ ॥૭॥
કહે સ્વામી સહજાનંદ સત્ય, તેહ વિનાતો તે બીજું અસત્ય ।
એવી અંતરમાં ગાંઠ્ય પાડી, ઉખડે નહિ કેની ઉખાડી ॥૮॥
એમ કરતાં વીત્યા કાંઈ દન, આવ્યું સંસાર સંબંધિ વિઘન ।
એનો સુત બાપુ નામ જેહ, થયો મંદ શરીરમાં તેહ ॥૯॥
તેને દેખીને તેની જનિતા, કરી અંતરમાં અતિ ચિંતા ।
મારે પુત્ર એક જ છે એહ, કોઈ રીત્યે રહે એનો દેહ ॥૧૦॥
પછી તે સારુ સમરી દેવી, સુત સારુ અકળાણી એવી ।
નાવી દેવી આવ્યા અવિનાશ, થયો કોટિ સૂર્યનો પ્રકાશ ॥૧૧॥
અતિ તેજ તણો નહિ પાર, ભેળા સંત હજારો હજાર ।
પછી એમ બોલ્યા મહારાજ, આવ્યા બાપુને તેડવા કાજ ॥૧૨॥

તે તું કોટિ ઉપાય જો કરે, તોય તારો સુત ન ઉગરે ।
માટે ભૈરવ ભવાની ભૂત, સમર જે રાખે તારો સુત ॥૧૩॥
ત્યારે બોલી છે એમ તે બાઇ, એનો ભાર નથી મારે કાંઇ ।
પણ જીવ જનનીનો એવો, તેનો દોષ મને નવ દેવો ॥૧૪॥
સુખે તેડી જાઓ મારો તન, હું તો અતિશે છું પરસન ।
એમ કહીને જોડીયા હાથ, ત્યારે બોલિયા સંત હતા સાથ ॥૧૫॥
મહારાજ એને એક બાળ, તેને તેડી ન જાઉં દયાળ ।
સંસારીને તો એટલું સુખ, સુત વિત્ત વિના માને દુઃખ ॥૧૬॥
ત્યારે એમ બોલ્યા મહારાજ, નહિ તેડી જાયે એને આજ ।
એની પડોસણયનો જે તન, તેને તેડી જાશું કહે જીવન ॥૧૭॥
પછી તેહને તેડીને ચાલ્યા, બહુ લોકને દર્શન આલ્યાં ।
દિઠા સહુએ પ્રકટ પ્રમાણ, થયું સત્સંગી કુસંગીને જાણ ॥૧૮॥
એમ પ્રકટ પરચો દઈ, ચાલ્યા બીજા બાળકને લઈ ।
નહિ છાનું એ પ્રકટ જાણો, કહે પરચો થયો એ પ્રમાણો ॥૧૯॥
કહે નાનો જોડી જુગ હાથ, ધન્યધન્ય દીનબંધુ નાથ ।
તમે દયાનિધિ છો દયાળ, દીનાનાથ દીનપ્રતિપાળ ॥૨૦॥
વળી વાત કહું એક સારી, હરિજનને છે હિતકારી ।
એક દ્વિજ બાપુ સરવરિયો, તેણે સમજીને સત્સંગ કરિયો ॥૨૧॥
જોઈ સાચી રીત સંતતણી, આવી પ્રતીત પોતાને ઘણી ।
વળી સાંભળી સંતની વાત, તેને ભાંગી છે મનની ભ્રાંત ॥૨૨॥
થયો સત્સંગી સ્વામીનો ખરો, બેપ્રવાઇ સિપાઇ આકરો ।
ઝાલી ટેક મુવે નવ મેલે, સિર કરમાં લઈને ખેલે ॥૨૩॥
નિષ્કપટ મતિ અતિ ઘણી, કહું વાત હવે તેહતણી ।
એનો સુત તે રામસેવક, થયો માંદો શરીરમાં છેક ॥૨૪॥
આવ્યો સમો એને અંતકાળ, ગરુડે ચડી પધાર્યા દયાળ ।
સંગે સંતતણું બહુ વૃંદ, મુક્તાનંદ સ્વામી નિત્યાનંદ ॥૨૫॥
ગોપાળાનંદ સ્વામી છે સાથ, જળ ઝારી ભરી ધરી હાથ ।

નિત્યાનંદજી કરે ચમર, એમ પધાર્યા શ્યામસુંદર ॥૨૬॥
દીઠા સત્સંગી કુસંગી જને, આવ્યા બાપુ ભાઈને ભવને ।
સહુ આવીને નામે છે શીશ, કહે ભલે આવ્યા જગદીશ ॥૨૭॥
ત્યારે નાથ કહે આવ્યા આજ, તારા સુતને તેડવા કાજ ।
ત્યારે બાપુ કહે જોડી હાથ, સુખે તેડી જાઓ મારા નાથ ॥૨૮॥
એના ભાગ્યતણો નહિ પાર, આવ્યા આ સમે પ્રાણ આધાર ।
એવાં સુણી બાપુનાં વચન, કહે સાધુ સર્વે ધન્યધન્ય ॥૨૯॥
પછી સંત કહે જોડી હાથ, આજ મેલી જાઓ એને નાથ ।
ત્યારે મહારાજ કહે ઘણું સારું, જાઓ માન્યું એ વચન તમારું ॥૩૦॥
પછી દર્શન દઈ લોકને, ચાલ્યા બાપુનો ટાળી શોકને ।
દિઠા સહુએ પ્રકટ પ્રમાણો, થયો પરચો જન સહુ જાણો ॥૩૧॥
કહું એક દિવસની વળી, તેડી જમવા મુનિમંડળી ।
જમ્યા મુનિ રાખી નહિ મણા, તોય વધ્યા છે મોદક ઘણા ॥૩૨॥
કહે બાપુ જમ્યા નહિ સંત, માટે વધિયું અન્ન અત્યંત ।
ત્યારે બોલ્યા છે ગોપાળ સ્વામી, ભાઈ અમે રાખી નથી ખામી ॥૩૩॥
એમ કરતાં વધ્યું હશે અન્ન, જમશે કોઈ હરિના જન ।
ત્યારે બાપુને આવ્યો વિશ્વાસ, હમણાં આવશે કોઈ હરિદાસ ॥૩૪॥
એમ કરતાં આવ્યા જગદીશ, સંગે સાંખ્યયોગી દશવીશ ।
કહે હરિ હોય ત્યાર અન્ન, છે આ ભૂખ્યા કરાવો ભોજન ॥૩૫॥
પછી બાપુએ જમાડ્યા તેહ, કરીતી રૂડી રસોઈ જેહ ।
હતા પાળા ને પ્રભુજી ક્યાંઈ, જમ્યા અલૌકિક અંગે ત્યાંઈ ॥૩૬॥
એમ આપ્યો છે પરચો એહ, **વળી** બીજો કહું સુણો તેહ ।
આપી મૂરતિ મહારાજે એક, પૂજી જળ લેવું આવી ટેક ॥૩૭॥
તેને અર્થે લાવ્યો એક હાર, ધર્યો મૂરતિ ને નિરધાર ।
હાર હળવો જોઈ મૂરતિ, નાખ્યો ફગાવી અળગો અતિ ॥૩૮॥
પછી બોલી છે મૂરતિ એમ, હાર હળવો ચડાવે છે કેમ ।
બીજે વાવરે છે બહુ ધન, ત્યાં તો મોકળું રાખે છે મન ॥૩૯॥

ત્યારે બાપુએ જોડ્યા છે હાથ, એતો ભૂલ્ય ઓળખાવી નાથ ।
ધન્ય સામર્થી તમારી સ્વામી, આજ પર્ચો પામ્યો હું બહુનામી ॥૪૦॥
વળી એક દને ગંગાબાઈ, બેઠી માનસી પૂજાને માંઈ ।
તિયાં કર્યો તો સુંદર થાળ, આવ્યા પ્રકટ જમવા દયાળ ॥૪૧॥
કરી દાતણને દિધિ ચિરું, જમ્યા જીવનજી ધિરું ધિરું ।
પ્રભુ પ્રકટ જમિયા થાળ, ચાલ્યા દર્શન દઈ દયાળ ॥૪૨॥
વધ્યાં ભોજન જમતાં જેહ, આપી પ્રસાદી સહુને તેહ ।
પામ્યા પ્રસાદી પ્રકટ સહુ, એવી વાત હું કેટલી કહું ॥૪૩॥
વળી એકદિને ગંગાબાઈ, કહું દિહું જે સમાધિમાંઈ ।
થયાં મહારાજનાં દરશન, ભેળા દિઠા બહુ મુનિજન ॥૪૪॥
જાગી સમાધિમાંહિથી જ્યારે, લીધાં નામ સરવેનાં ત્યારે ।
જેને નાવડતું નામ એક, તેણે લીધાં છે નામ અનેક ॥૪૫॥
સહુ સાંભળી આશ્ચર્ય પામ્યાં, ધન્ય મહારાજ કહી શિશ નામ્યાં ।
વળી એક દિવસની વાત, સહુ સાંભળજયો સાક્ષાત્ ॥૪૬॥
એનો સુત તે રામસેવક, ભણતોતો ગણપતિ અષ્ટક ।
તેને મહારાજ સોણામાં આવી, ગયા કૃષ્ણાષ્ટક શિખાવી ॥૪૭॥
જાગી સવારે રામસેવક, કહ્યા કંઠેથી અષ્ટ તે શ્લોક ।
સહુ સાંભળી આશ્ચર્ય થયાં, ધન્ય નાથ કહે સર્વે રહ્યાં ॥૪૮॥
મોટા સુભાગી એ નરનાર, પામ્યા પરચા તે એમ અપાર ।
ધન્ય ધન્ય પ્રભુનો પ્રતાપ, આપ્યાં જનને સુખ અમાપ ॥૪૯॥
તેતો કહ્યો લખ્યે નાવે પાર, કવિ બહુબહુ કરે વિચાર ।
જેજે આપ્યાં છે જનને સુખ, કહ્યું જાતું નથી તેતો મુખ ॥૫૦॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળા-નંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે શ્રીજી મહારાજે હરિજનને પરચા પૂર્યા એ નામે એકસોને ચિસ્તાળિસમું પ્રકરણમ્ ॥૧૪૬॥